પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૮૦ | ૩૧ મે, ૨૦૨૨, મંગળવાર; વૈશાખ જયેષ્ઠ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# છોટાઉદેપુરમાં લગ્ન પ્રસંગે ૨૦૦ને ફૂડ પોઈઝનિંગ

**છોટાઉદેપુરની હોસ્પિટલમાં બેડ ખૂટી પડ્યા : છોટાઉદેપુરમાં કસ્બા વિસ્તારમાં લગનમાં જમણવાર બાદ ફૂડ પોઇઝનિંગની અસર થઈ, પરિવારમાં દીકરીના લગ્ન પ્રસંગે વડોદરાથી જાન આવી હતી**

છોટાઉદેપુર,તા.૩૦

આ વર્ષે ઉનાળામાં લગ્નપ્રસંગમાં ફૂડ પોઈઝનિંગના કેસ વધી રહ્યાં છે. વીસનગર, ભાવનગર, સુરત બાદ હવે છોટાઉદેપુરમાં લગ્ન પ્રસંગે એકસાથે ઢગલાબંધ લોકો ફૂડ પોઈઝનિંગનો શિકાર બન્યા છે. છોટાઉદેપુરના કસ્બા વિસ્તારમાં લગ્ન પ્રસંગે જમણવારમાં ૨૦૦ લોકોને ફૂડ પોઈઝનિંગ થયુ છે. જેને પગલે હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હોસ્પિટલમાં બેડ ખૂટી પડ્યા છે. છોટાઉદેપુરમાં કસ્બા વિસ્તારમાં લગ્ન પ્રસંગે જમણવાર બાદ ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. એક પરિવારમાં દીકરીના લગ્ન પ્રસંગે વડોદરાથી જાન આવી હતી. જેમાં બપોરના જમણવાર બાદ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થવાની શરૂઆત થઈ હતી. એક પછી એક લોકોને અસર થતા તાત્કાલિક અસરથી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેને પગલે જિલ્લાનુ આરોગ્ય તંત્ર દોડતુ થયુ હતું. એક પછી એક એમ ૨૦૦ જેટલા દર્દીઓને હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી હતી. વડોદરાથી આવેલા જાનૈયાઓને પણ ખોરાકી ઝેરની અસર થઈ હતી. ત્યારે સ્થાનિક હોસ્પિટલો પણ દર્દીઓથી ઉભરાઈ ગઈ હતી.

હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. દર્દીઓ વધતા હોસ્પિટલમાં બેડ પણ ખૂટી પડ્યા હતા. સાંજના છ વાગ્યાથી દર્દીઓને હોસ્પિટલમાં લાવતા અત્યારસુધી દર્દીઓનો આંકડો ૨૦૦ સુધી પહોંચ્યો છે. આગોતરા આયોજનના ભાગરૂપે જિલ્લા આરોગ્ય અધિકારીને જાણ કરાઈ હતી અને જિલ્લાની અન્ય હોસ્પિટલમાંથી ડોક્ટર અને નર્સ બોલાવાયા હતા, જેથી તમામને સારવાર આપી શકાય. જોકે હાલ તમામની હાલત સ્થિર હોવાથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

## સેન્સેક્સનો ૧૦૪૧ અને નિફ્ટીનો ૩૦૮ પોઈન્ટનો જોરદાર કૂદકો

**ચીને કોવિડના પ્રતિબંધો હળવા કરતા એશિયન બજારોમાં તેજી : વ્યાજ વધારવામાં યુએસ ફેડે આક્રમક વલણ ન અપનાવતા સકારાત્મક અસર**

મુંબઈ, તા.૩૦

શેરબજારના રોકાણકારો માટે આજે આ સપ્તાહની શરૂઆત શાનદાર રહી છે. બજારે સતત ત્રણ સત્રોથી રોકાણકારોને હકારાત્મક વળતર આપ્યું છે. આ સાથે શેરબજારમાં ઘટાડાનાં ઘેરા વાદળો હવે વિખેરાઈ ગયા છે. ૧૫,૮૦૦ની સપાટીને સ્પર્શ્યા બાદ હવે નિફ્ટી રિકવર થઈને ૧૬,૬૦૦ની ઉપર આવી ગયો છે. આગામી ટ્રેડિંગ સેશનમાં પણ બજારમાં તેજી રહેવાની ધારણા છે. ભારતીય શેરબજારો સોમવારે ભારે ઉછાળા સાથે બંધ થયા હતા. સોમવારે મોટાભાગના એશિયન શેરબજારોમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. ચીન દ્વારા કોવિડ પ્રતિબંધો હળવા કરવા, યુએસ ફેડ દ્વારા વ્યાજદરમાં વધારો કરવા માટે આક્રમક અભિગમ ન અપનાવવાના સંકેતો મુખ્ય કારણ છે. આ સિવાય ભારતમાં ચોમાસાના વહેલા આગમનના સમાચારે પણ રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો છે.



શ્રેષ્ઠ સોદો, વ્યાપક શ્રેણી બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) ઈન્ડેક્સ સેન્સેક્સ ૧.૯૦ ટકા અથવા ૧૦૪૧ પોઈન્ટના વધારા સાથે ૫૫,૯૨૫ પર બંધ થયો. ટ્રેડિંગ સેશનમાં તે મહત્તમ ૫૬,૦૮૨.૬૫ પોઈન્ટ્સ અને ન્યૂનતમ ૫૫,૪૬૬.૩૦ પોઈન્ટ્સ સુધી ગયો હતો. તે જ સમયે, જો આપણે નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)ના

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોનાના ૨૭૦૬ નવા કેસ

નવી દિલ્હી, તા.૩૦

ભારતમાં બે દિવસના વધારા બાદ કોરોના કેસ ઘટ્યા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૭૦૬ નવા કેસ નોંધાયા અને ૨૫ સંક્રમિતોના મોત થયા છે. રવિવારે ૨૮૨૮ નવા કેસ નોંધાયા હતા અને ૧૪ સંક્રમિતોના મોત થયા હતા. શનિવારે ૨૬૮૫ નવા કેસ નોંધાયા હતા અને ૩૩ સંક્રમિતોના મોત થયા હતા. દૈનિક પોઝિટિવિટી રેટ ૦.૬૦ ટકા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૭,૬૯૮ થઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૪,૬૧૧ પર પહોંચ્યો છે. દેશમાં ૪,૨૬,૧૩,૪૪૦ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૧૯૩,૩૧,૫૭,૩૫૨ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

## ખાનગી એરલાઈન્સનું વિમાન ક્રેશ થયું તે સ્થળને નેપાળની સેનાએ શોધી કાઢ્યું

કાઠમાંડૂ, તા.૩૦

નેપાળની સેનાએ સોમવારે તે સ્થળ શોધી કાઢ્યું હતું જ્યાં રવિવારે નેપાળની ખાનગી એરલાઈન્સનું વિમાન ક્રેશ થયું હતું. નેપાળની સેનાના પ્રવક્તાએ ટ્વીટમાં જણાવ્યું હતું કે, સર્ચ અને રેસ્ક્યુ ટીમોએ વિમાન ક્રેશ સ્થળ શોધી કાઢ્યું છે. વિવરણનું પાલન કરવામાં આવશે. તારા એરનું ૯ એનએઈટીડબલ-એન્જિન એરક્રાફ્ટ જેમાં ચાર ભારતીયો સહિત ૨૨ લોકો હતા તે રવિવારે સવારે પહાડી જિલ્લામાં ગુમ થયાના કલાકો પછી મસ્તંગ જિલ્લાના કોવાંગ ગામમાં ક્રેશ થયું હતું.

પોલીસ નિરિક્ષક રાજ કુમાર તમાંગના નેતૃત્વમાં એક ટીમ હવાઈ માર્ગે દુર્ઘટના સ્થળ પર પહોંચી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, કેટલાક મૃતદેહોની ઓળખ હજુ સુધી નથી થઈ શકી. હાલ પોલીસ અવશેષો એકત્ર કરી રહી છે.

આ પહેલા આજે નેપાળની સેનાએ જણાવ્યું હતું કે, તારા એરના વિમાનની શોધ માટે બચાવ પ્રયત્ન ફરીથી શરૂ કરવામાં આવ્યો છે. રવિવારે મસ્ટેંગ જિલ્લામાં બર્ફવર્ષાને કારણે દુર્ઘટનાગ્રસ્ત વિમાનની શોધમાં તૈનાત તમામ હેલિકોપ્ટર રોકી દેવામાં આવ્યા હતા.



સ્થાનિક લોકો દ્વારા નેપાળની સેનાને આપેલી જાણકારી પ્રમાણે તારા એરનું વિમાન મનપતિ હિમાલમાં ભૂસ્ખલનને કારણે લમચે નદીના મુખ પર ક્રેશ થયું હતું. ૧૯ સીટરના આ વિમાનમાં ૪ ભારતીયો, ૩ વિદેશી અને ૧૩ નેપાળી નાગરિકો સવાર હતા.

## રાજ્યસભામાં ટિકિટને લઈ કોંગ્રેસમાં ભારે અસંતોષ

**કોંગ્રેસે રાજ્યસભા માટે૧૦ ઉમેદવારના નામ જાહેર કર્યા : સંયમ લોઢાએ પ્રશ્ન ઉઠાવ્યો કે, પાર્ટીએ જણાવવું પડશે કે રાજસ્થાનમાંથી ઉમેદવારને કેમ નામાંકિત કરાયા નથી**

નવી દિલ્હી, તા.૩૦

કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી માટે પોતાના ૧૦ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. પાર્ટીના દિગ્ગજ નેતાઓના નામનો આ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. આ પરિસ્થિતી દરમિયાન પાર્ટીમાં અસંતોષના સૂર ઉઠ્યા છે. જ્યારે પ્રશ્ન રાજસ્થાનના ઉમેદવારોના નામ પર ઉઠ્યો છે. રાજસ્થાનના રણદીપ સિંહ સુરજેવાલા, મુકુલ વાસનિક અને પ્રમોદ તિવારીને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. આ ત્રણેય ઉમેદવારો રાજસ્થાન સાથે સબંધ ધરાવતા નથી. રાજસ્થાનના સિરોહીના કોંગ્રેસના ધારાસભ્ય સંયમ લોઢાએ પ્રશ્ન ઉઠાવ્યો છે અને કહ્યું છે કે, પાર્ટીએ જણાવવું પડશે કે રાજસ્થાનમાંથી કોઈ પણ ઉમેદવારને કેમ નામાંકિત કરવામાં આવ્યા નથી.

લોઢાએ ટ્વીટ કરીને લખ્યું છે કે, કોંગ્રેસ પાર્ટી જણાવવું જોઈએ કે, 'રાજસ્થાનમાંથી કોઈ કોંગ્રેસ નેતા



અથવા કાર્યકર્તાને રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવાર ન બનાવવાનું કારણ શું છે?' આ સાથે તેમણે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને પણ ટેગ કર્યા છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેડાએ પણ પોતાનું નામ આ લિસ્ટમાં ન હોવાથી અસંતોષના સૂર ઉઠાવ્યા છે. રાજસ્થાનના રહેવાસી પવન ખેડા કોંગ્રેસમાં રાજ્યસભાના દાવેદાર હતા. તેમણે ટ્વીટ કરીને લખ્યું છે કે, કદાચ મારી તપસ્યામાં કંઈક ખામી રહી ગઈ હશે.

આ લિસ્ટમાં ગુલામ નબી આઝાદ અને આનંદ શર્માના નામનો પણ સમાવેશ કરવામાં આવ્યો નથી. આ બંને નેતા 'જી-૨૩' સમુહમાંથી છે. જેમને કોંગ્રેસ નેતૃત્વમાં બદલાવને અનેકવાર વકીલાત કરી છે.

આ દરમિયાન રાજસ્થાન ભાજપના અધ્યક્ષ સતીશ પુનિયાએ પોતના ટ્વિટમાં કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા છે. રાજસ્થાન સિવાય છત્તીસગઢમાં બંને બહારના નેતાઓ રાજીવ શુક્લા અને રંજીત રંજનને

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તરાખંડ પોલીસે મૂસેવાલા હત્યા કેસમાં છને ઝડપ્યા

**આ ૬ લોકોની કલાકો સુધી પૂછપરછ કરાઈ, આરોપીને લોજિસ્ટિક સપોર્ટ આપનારા એક શીખ યુવકનો સમાવેશ**

દહેરાદૂન, તા.૩૦

ઉત્તરાખંડ પોલીસના એસટીએફે આજે સવારે ચેકિંગ દરમિયાન હેમકુંડથી પરત ફરી રહેલા ૬ શકમંદોને પકડી લીધા હતા. જ્યારે આ તમામ પંજાબ નંબરના સફેદ અર્ટિગા કારમાં પરત ફરી રહ્યા હતા ત્યારે પંજાબ પોલીસ પણ નયા ગામ પેલીયોન પોલીસ ચોકી પાસે પહોંચી હતી.

જણાવવામાં આવી રહ્યું છે કે, આ ૬ લોકોની કલાકો સુધી પૂછપરછ કરવામાં આવી હતી. આ બધામાં સામેલ એક શીખ યુવક પર આ મર્ડર મિસ્ટ્રીનું કાવતરું હોવાની આશંકા છે કારણ કે તેણે થોડા દિવસ પહેલા તે ગાડીનો ઉપયોગ કર્યો હતો જેમાં હુમલાખોરોએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસને શંકા છે કે, તેણે આરોપીને લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડ્યો હતો અને ત્યારબાદ તે તેના સહયોગીઓ સાથે હેમકુંડ આવ્યો હતો. કસ્ટડીમાં લેવામાં આવેલી આ વ્યક્તિનો ગુનાહિત ઈતિહાસ છે અને તે ખૂબ જ હોંશિયાર હોવાનું કહેવાય છે.

નોંધનીય છે કે, સિંગર સિદ્ધુ મૂસેવાલાની રવિવારે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ તેના પિતા બલકૌર સિંહે કહ્યું હતું કે, તેમનો પુત્ર રવિવારે પોતાના ૨ મિત્રો સાથે જીપમાં બેસીને નીકળ્યો હતો અને આ દરમિયાન તે પોતાના ગનમેન અને બુલેટપ્રૂફ ગાડીને ઘરે છોડીને ગયો હતો. આ કારણે હું તેની પાછળ ગયો ત્યારે ૨ ગાડીયો તેની જીપનો પીછો કરી રહ્યી હતી. અચાનક બંને ગાડીયોએ જીપને ઘેરી લીધી અને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ આરોપી નાસી છૂટ્યો હતો. ત્યારબાદ હું સિદ્ધુ અને તેના મિત્રોને હોસ્પિટલ લઈ ગયો પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

## બેંગ્લોરમાં ખેડૂત નેતા ટિકૈત પર હુમલો, મોં ઉપર શાહી ફેંકાઈ

**ખેડૂત નેતાની સુરક્ષામાં મોટી ચૂકનો મામલો સામે આવ્યો : ટિકૈત પર હુમલો કરનારા લોકો સ્થાનિક ખેડૂત નેતા ચંદ્રશેખરના સમર્થક હતા, શાહી ફેંકનારને પકડી લેવાયો**

બેંગલુરુ, તા.૩૦

કર્ણાટકમાં ખેડૂત નેતા રાકેશ ટિકૈતની સુરક્ષામાં મોટી ચૂકનો મામલો સામે આવ્યો છે. સોમવારે બેંગ્લોરમાં રાકેશ ટિકૈત પર કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. પહેલા ટિકૈત પર માઈકથી હુમલો કરવામાં આવ્યો હતો ત્યારબાદ બીજા વ્યક્તિએ તેમના પર શાહી ફેંકી હતી. ટિકૈત પર હુમલો કરનારા લોકો સ્થાનિક ખેડૂત નેતા ચંદ્રશેખરના સમર્થક હતા. આ પછી રાકેશ ટિકૈતના સમર્થકોએ હુમલો કરનાર અને શાહી ફેંકનાર વ્યક્તિને પકડી લીધો હતો. શાહી સ્થાનિક ખેડૂત નેતા ચંદ્રશેખરના સમર્થકોએ ફેંકી હતી. હકીકતમાં સ્થાનિક મીડિયાએ હાલમાં જ ચંદ્રશેખરને લઈને સ્ટિંગ કર્યું હતું. આ વીડિયોમાં કે ચંદ્રશેખરે બસ સ્ટ્રાઈકના બદલે પૈસાની માંગ કરી હતી. આટલું જ નહીં તેમણે રાકેશ ટિકૈત અને અન્ય કિસાન નેતાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. જ્યારે બેંગલુરુમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન રાકેશ ટિકૈતને



કે ચંદ્રશેખર વિશે સવાલ પૂછવામાં આવ્યો તેમણે કહ્યું કે, તેમને ચંદ્રશેખર સાથે કોઈ લેવા દેવા નથી. રાકેશ ટિકૈતે કહ્યું કે, ચંદ્રશેખર ફ્રોડ છે. ત્યારબાદ અચાનક જ ચંદ્રશેખરના સમર્થકોમાંથી એક એ રાકેશ ટિકૈત પર શાહી ફેંકી હતી. તેનાથી રાકેશ ટિકૈતના કાર્યક્રમમાં હાજર સમર્થકો ભડકી ગયા હતા. તેમણે શાહી ફેંકનાર વ્યક્તિને પકડી લીધો હતો. આ પછી ચંદ્રશેખરના સમર્થકો અને રાકેશ ટિકૈતના સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું હતું. બંને પક્ષોમાં ખૂબ જ મારપીટ થઈ હતી. ત્યારબાદ કાર્યક્રમમાં ખૂબ જ હંગામો અને સૂત્રોચ્ચાર પણ થયા હતા.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

## કાન ક્લોઝિંગ સેરેમનીમાં જ્યૂરી મેમ્બર દિપિકા પાદુકોણની ચમક

**સફેદ સાડીમાં હાથ જોડી કહ્યું, નમસ્તે**

મુંબઈ, તા.૩૦

દિપિકા પાદૂકોણે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યૂરી મેમ્બર તરીકે પોતાના કરિયરમાં નવા અચિવમેન્ટને જોડ્યું છે, એટલું જ નહીં પણ વિદેશમાં ભારતનું નામ રોશન કર્યુ છે. પહેલાં દિવસથી લઈને અંતિમ દિવસ સુધી તેના



ગ્લેમરસ લૂક્સ સોશિયલ મીડિયા પર વાઈરલ થતા રહ્યાં છે. તેના દરેક લૂક્સના ફેન્સ વખાણ કરતાં

● અનુસંધાન પાન-૭ પર



શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર
C/o જલારામ ધામ, સેક્ટર-૨૯, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૭ ૨૩૬૧૪

'ચોપડા'ની કામગીરી માટેનું ટેન્ડર

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા ૨૦૦ ડઝન ચોપડા બનાવવા માટે આ કામના જાણકાર પ્રિન્ટીંગ પ્રેસ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો જલારામ મંદિર ખાતેથી તા. ૧/૬/૨૦૨૨ થી ૧૦/૬/૨૦૨૨ સુધી સવારે ૯ થી ૧૨ તથા સાંજે ૪ થી ૯ સુધી મેળવી લેવાના રહેશે. ભાવપત્રકો તા. ૧૧/૬/૨૦૨૨ના સાંજે ૫ (પાંચ) વાગ્યા સુધી મેનેજર, શ્રી જલારામ મંદિર, સે.૨૯ને મોકલી આપવાના રહેશે.

સહી/-
અશોકભાઈ જે. પોપટ
મંત્રી, શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર

જોઈએ છે
(ઓપન ઈન્ટરવ્યુ)

શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત
શ્રી છગનભા સાર્વજનિક પ્રાથમિક શાળા માટે શિક્ષકો જોઈએ છે.

૧. P.T.C. - 1
૨. B.A., B.Ed. - 1 મુખ્ય અંગ્રેજી, ગૌણ સંસ્કૃતિ
૩. B.A., B.Ed. - 1 મુખ્ય ગુજરાતી, ગૌણ સમાજવિદ્યા
૪. શિશુ વિહાર માટે પ્રિ પી.ટી.સી. / પી.ટી.સી.-૧

લઘુત્તમ લાયકાત ઉપરાંત વધારાની લાયકાતના ગુણ મેરીટમાં લક્ષમાં લેવાશે.

આ જગ્યાઓ હંગામી - ફક્ત દસ મહિના માટે જ છે.

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરમાં અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે નીચેના સ્તળે અને સમયે સ્વખર્ચે ઉપસ્થિત રહેવું.

ઓપન ઈન્ટરવ્યુ : તા. ૯/૬/૨૦૨૨, સમય : સવારે ૯-૩૦ કલાક

સ્થળ : શેઠ એસ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ એન્ડ શ્રી બીપી પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, મુ. પો. સરઢવ, તા.જિ. ગાંધીનગર

સહી/-
મંત્રી
શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ,
સરઢવ, તા.જિ. ગાંધીનગર